# Official Spokesperson’s response to queries regarding the visit of Prime Minister to Bangladesh

March 9, 2020

---

# પ્રધાનમંત્રીની બાંગ્લાદેશની મુલાકાત ના અનુસંધાનમાં કેવેરી નો અધિકૃત વક્તા દ્વારા પ્રતિભાવ

માર્ચ 9 2020

**પ્રધાનમંત્રીની બાંગ્લાદેશની મુલાકાત ના અનુસંધાનમાં કેવેરી નો પ્રતિભાવ આપતા અધિકૃત વક્તા રવીશ કુમારે કહ્યું:**

“અમને બાંગ્લાદેશ ની સરકાર તરફથી ઔપચારિક નોટિફિકેશન મળ્યું છે જેમાં તેમના દ્વારા એ નિર્ણય લેવામાં આવેલ છે કે બાંગ્લાદેશમાં કોરોનાવાયરસ ના કિસ્સો સામે આવવાને કારણે તેમજ આ સંદર્ભમાં વૈશ્વિક રીતે લોકોના સ્વાસ્થ્યની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશના પિતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાન ની જન્મ-શતાબ્દી ઉજવણીના ભાગરૂપે જાહેર કાર્યક્રમો યોજવાનું તેમના દ્વારા મુલતવી રાખવામાં આવેલ છે.

17 માર્ચના રોજ આયોજીત એક વિશાળ જનસમૂહને કે જેમાં ભારતના પ્રધાનમંત્રીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું તેને પણ આ મુલતવી રાખવામાં આવેલ નિર્ણય લાગુ પડે છે.

બાંગ્લાદેશની સરકારે અમને એવી સલાહ આપી છે કે આ સ્મૃતિ ઉજવણી ના કાર્યક્રમો ની નવી તારીખો હવે પછીથી જણાવવામાં આવશે.

આ સંદર્ભમાં મહામહિમ પ્રધાનમંત્રી શેખ હસીનાના આમંત્રણને માન આપીને આવતા સપ્તાહમાં આયોજિત પ્રધાનમંત્રી ની બાંગ્લાદેશની મુલાકાત મુલતવી રાખવામાં આવી રહી છે. આ પરિસ્થિતિ કે જેને કારણે મુલાકાત ને મુલતવી રાખવામાં આવેલ છે તેને સમજીને ભારત બાંગ્લાદેશ સાથે એક ભાગીદાર તરીકે આપણા સંયુક્ત પાડોશમાં આ રોગના ફેલાવા ને રોકવા માટે સાથે કામ કરવા તૈયાર છે.”

**ન્યુ દિલ્હી**
**માર્ચ 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.